ડૉ. સુરેખા કે.પટેલ
જી.ડી.મોદી કૉલેજ ઑફ આટ્ર્સ,
સંસ્કૃત વિભાગ,
પાલનપુર - ૩૮૫ ૦૦૧
Mob. 94280 23071

## મહાકવિ કાલિદાસ રચિત
## 'रघुवंशम्' મહાકાવ્ય (સર્ગ-૧૪)માં નારીચેતના : સીતાના સંદર્ભમાં

'નારી' શબ્દ નરની જેમ 'नृ' ધાતુથી બન્યો છે. જેનો સામાન્ય અર્થ છે ક્રિયાશીલ, અર્થાત્ જે ગતિ કરે, હલન-ચલન કરે તે નર અને નારી છે. પરંતુ ઋગ્વેદમાં 'नृ'નો પ્રયોગ નેતૃત્વ કરવું, દાન આપવું અને વીરતા બતાવવાના અર્થમાં કરતાં નર અને નારીમાં આ ત્રણ વિશેષતાઓને સમાનરૂપે ધારણ કરનાર કહ્યાં છે. આ તાત્ત્વિક અભેદ હોવા છતાં પણ વ્યાવહારિકરૂપે ઉત્તરદાયિત્વ ધારણ કરવાને કારણે વેદ-પુરાણોમાં નારીના વ્યક્તિત્વ પ્રત્યે એક વિશેષ સન્માન અને શ્રદ્ધાભાવ રાખતાં એક સ્વતંત્ર ચેતન સત્તાના રૂપમાં અભિવ્યક્ત કરવામાં આવ્યું છે.

'સ્ત્રી' શબ્દની વ્યુત્પત્તિ અને તેના અર્થ બાબતે વિદ્વાનોમાં અનેક મંતવ્ય જોવા મળે છે. વામન શિવરામ આપ્ટે[1] અનુસાર – 'સ્ત્રી' શબ્દની વ્યુત્પિત્ત – 'स्त्यायेते शुक्रशोणितेयस्याम्', स्त्यै + ड्रप +ङीप् તેમણે સ્ત્રીનો અર્થ - ૧. નારી, ઔરત, કોઈપણ પ્રાણીની માદા (ગજસ્ત્રી, હરિણ સ્ત્રી વગેરે). અમરકોષ[2] મુજબ -સ્ત્રી, યોષિત, અબલા, યોષા, નારી, સીમન્તિની વધુ, પ્રતીપદર્શિની, વામા, વનિતા, મહિમા વગેરે શબ્દો મળે છે. યાસ્ક[3] મુજબ સ્ત્રીનો અર્થ 'લજ્જાળુ', પતંજલિ[4] અનુસાર 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ બધાનો સમુચ્ચય જ સ્ત્રી છે.' તેમના મતે સ્ત્રીને એટલા માટે સ્ત્રી કહેવામાં આવે છે કે ગર્ભની સ્થિતિ તેની અંદર હોય છે.[5]

સામાન્ય રીતે સંસ્કૃત અને હિન્દી સાહિત્યમાં 'મહિલા'ના પર્યાયવાચી શબ્દોમાં 'સ્ત્રી' કે 'નારી' શબ્દો જ વધુ પ્રચલિત છે. સ્ત્રીના અન્ય પર્યાયવાચી શબ્દોમાં નારી, મૈંના, ગ્ના, યોષા, વામા, અબલા, સુંદરી, પ્રમદા, લલના, માનિની, કામિની અને ગૃહિણીનો યત્ર-તત્ર ઉલ્લેખ જોવા મળે છે.

૧. નારી : નરના ધર્મવાળી કે નરથી સંબંધ હોવાને કારણે સ્ત્રીનું 'નારી' એવું નામકરણ થયું.

૨. મૈંના : પુરુષ દ્વારા સન્માન આપવાને કારણે તે 'મૈંના' કહેવાઈ.[6]

૩. ગ્ના : નારી સાથે પુરુષ સંસર્ગ કરે છે, તેથી તે 'ग्ना' કહેવાય છે.[7]

૪. યોષા : નારી સ્વયંને પુરુષ સાથે જોડે છે, તેથી તે 'યોષા' કહેવાય છે.[8]

૫. વામા : સ્ત્રી સૌંદર્ય વેરે છે, તેથી તેને 'વામા' કહી છે.[9]